# શ્રી શ્યામજી કૃષ્ણ વર્મા સ્મારક
# ‘ક્રાંતિ તીર્થ’

સલાયા – મસ્કા રોડ, ગામ : મસ્કા, તા. માંડવી–કચ્છ (ગુજ.) ફોન : (૦૨૮૩૪) ૨૯૫૧૯૫ ઈ–મેઈલ : info@krantiteerth.org

ક્રમાંક : એસ.એસ.કે.વી.એસ./ /૨૦૧૧–૧૨ તારીખ : ૨૯/૦૩/૨૦૧૨

## અખબારી યાદી

કચ્છ માંડવીના સપૂત, મહાન રાષ્ટ્રવાદી, ક્રાંતિકારી નેતા પંડીત શ્યામજી કૃષ્ણવર્માજીની ૮૨મી પૂણ્યતિથિ (નિર્વાણ દિન) નિમિત્તે શ્રી શ્યામજી કૃષ્ણવર્મા મેમોરીયલ – ‘ક્રાંતિતીર્થ’ ખાતે તા. **૩૧ માર્ચ, ૨૦૧૨**ને શનિવારના રોજ સવારે **૧૧–૦૦** કલાકે શ્રધ્ધાંજલિનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે. પંડીત શ્યામજી કૃષ્ણવર્માજીનું નિધન તા. ૩૦/૦૩/૧૯૩૦ના રોજ જિનિવા ખાતે થયું હતું. તેમની અંતિમ ઈચ્છા મુજબ તેમના અને તેમની ધર્મપત્નિ ભાનુમતિજીના અસ્થિ આઝાદ ભારતમાં માંડવીના સમુદ્ર તટે દેશના સૌથી મોટા અને આધુનિક મેમોરીયલના સ્વરૂપમાં સ્થાપિત થયા છે ત્યારે સૌ સાથે મળી તેમને યાદ કરવા, પુષ્પાંજલિ દ્વારા શ્રધ્ધા સુમન અર્પિત કરવા અને તેમના દેશપ્રત્યેના અપાર પ્રેમ, અનન્ય યોગદાન અને સર્વસ્વ સમર્પણમાંથી પ્રેરણા લઈ તેમને વિરોચીત શ્રધ્ધાંજલિ અર્પવા અત્રે મેમોરીયલ ખાતે શ્રધ્ધાંજલિનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે.

આ પ્રસંગે અગાઉ નિર્ધારિત વિદ્યાર્થીઓના ચારિત્ર્ય ઘડતરને લગતાં કાર્યક્રમો પરિક્ષાઓને ધ્યાનમાં રાખી, મુલત્વી રાખવામાં આવેલ છે. સાથોસાથ વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓને વિવિધ ક્ષેત્રનું જ્ઞાન, આવડત અને કૌશલ્ય પુરા પાડતાં વેકેશન નિશુલ્ક કોર્ષનું પણ માળખું તૈયાર થઈ રહયું છે ત્યારે આ દિશામાં તમામ તરફથી સૂચનો આવકાર્ય છે.

અત્યાર સુધી લગભગ સાડા ચાર લાખ જેટલા મુલાકાતીઓ મુલાકાત લઈ ચૂકયા છે તેવું સુપ્રસિધ્ધ ક્રાંતિતીર્થ સતત દેશપ્રેમની ભાવના અને દેશ પ્રત્યેની ફરજો પ્રત્યે સભાન કરી, પ્રેરણા આપી રહયું છે. સૌના સાથ–સહકારથી ક્રાંતિતીર્થ સમગ્ર દેશ અને વિદેશમાં ખ્યાતિ પ્રાપ્ત કરી ચૂકયું છે ત્યારે સૌને ઉપસ્થિતિ રહી,અનેરા પ્રસંગની ગરિમા વધારવા નિમંત્રિત કરવામાં આવે છે.

**(મહેશ ગોસ્વામી)**
**મેનેજર – ‘ક્રાંતિતીર્થ’**